R.N.I. No. : GUJGUJ/2000/447- Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિધ્ધ થતું સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા . ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬(મો)૯૮૨૫૧૬૯૩૮૯

વેબ સાઇટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના)
(સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી, અમદાવાદ-૭

YEAR-27 • ISSUE: 05 DATE: 03-02-2018• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## કેન્દ્ર અને રાજ્ય સરકારોને વિધવાઓના કલ્યાણમાં કોઇ રસ નથી : સુપ્રીમ કોર્ટ



સુપ્રીમ કોર્ટે કેન્દ્ર અને રાજ્ય સરકારોની આકરી ઝાટકણી કાઢતાં જણાવ્યું હતું કે કોનિે વિધવાઓના કલ્યાણમાં રસ નથી.કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા વિધવાઓના કલ્યાણ માટે જરુરી કોઇ પગલાં લેવાતા નથી. જસ્ટીસ મદન બી.લોકુર અને દીપક ગુપ્તાની બેન્ચે જણાવ્યુ હતું કે વિધવાઓની સહાય અને કલ્યાણ માટે જોગવાઇ છે. કેન્દ્ર અને રાજ્ય સરકારોએ આ જોગવાઇઓનો અમલ કરવાનો હોય છે. પરંતુ કોઇ પગલાં લેવાતાં નથી. કેન્દ્ર સરકાર વતી હાજર રહેલા વકીલની ઝાટકણી કાઢતાં અદાલતે જણાવ્યુ હતું કે શું તમે આ વિધવાઓની દારુણ સ્થિતિ જોઇ છે ? આપણે તેમના માટે શું કરી રહ્યા છીએ ?

કેન્દ્ર સરકારના વકીલે રાજ્યો દ્વારા રજુ કરાયેલી એફિડેવીટોનો જવાબ આપવા માટે કેટલાક સમયની માંગ કરતાં સુપ્રીમ કોર્ટે રોષે ભરાઇ જણાવ્યુ હતું કે કેન્દ્ર સરકાર ફક્ત સમય માંગવાનું જ કામ કરી શકે છે.સમય તો અનંત છે. અમે સમય આપ્યા સિવાય બીજું શું કરી શકીએ ?અદાલતે વિધવાઓની દયનીય સ્થિતિ પર જણાવ્યુ હતું કે કોઇ તેમની કાળજી લેવા માંગતુ નથી. જો તેમના પરિવાર જ તેમની કાળજી લેવા માંગતા નથી તો તમે કેવી રીતે આશા રાખી શકો છો ? ભારત સરકાર તેમની કાળજી લેશે. અદાલતે કેન્દ્ર સરકારને આ મામલામાં તેમની માહીતી જેમ બને તેમ ઝડપ સુધારવાની તાકીદ કરતાં જણાવ્યુ હતું કે જો રાજ્યો દ્વારા અપાયેલા નિર્દેશોના અમલમાં કોઇ કચાશ રહી હોય તો કેન્દ્ર સરકાર તેમની સાથે વાતચીત કરે.કોર્ટે જણાવ્યુ હતું કે કેન્દ્ર સરકાર એક સપ્તાહમાં એકશન પ્લાન રજુ કરે.

## રાજસ્થાનમાં થયેલી પેટા ચુંટણીમાં ભાજપના વળતાં પાણી

રાજસ્થાન અને પશ્ચિમ બંગાળમાં કુલ ૩ લોકસભાની બેઠક અને ૨ વિધાનસભાની બેઠક માટે યોજાયેલી પેટા ચુંટણીમાં ભાજપને ભારે પછડાટનો અનુભવ થયો છે. આ તમામ બેઠકમની પેટા ચુંટણીના પરિણામો જાહેર થયાં હતા. તમામ બેઠકો પર ભાજપનો સફાયો થઇ ગયો હતો.રાજસ્થાનમાં પ્રદેશ અધ્યક્ષ કોગ્રેસે અજમેર અને અલવર બે બેઠક તેમજ માંડલગઢ વિધાનસભા પર વિજયનો પંજો લહેરાવ્યો હતો. દરમિયાન પશ્ચિમ બંગાળમાં તુલમુલ કોગ્રેસે ઉલુબેરિયા લોકસભા બેઠક અને નોઆપારા વિધાનસભા બેઠક પર ભવ્ય જીત મેળવી હતી.પેટા ચુંટણીના પરિણામો જાહેર થયા પરંતુ તે વખતે બજેટનો માહોલ હતો તેથી બહુ ચર્ચા થઇ નહોતી.મુસ્લીમ બહુમતી ધરાવતા ઉલુબેરિયા લોકસભા બેઠક પરથી ટીએમસીના ઉમેદવાર સજદા અહેમદે ભાજપના અનુપમ મલ્લિક સામે ૪,૭૦,૨૦૧ વોટથી જીત મેળવી હતી.જો કે આ બેઠક પર ભાજપને ત્રણ વર્ષ પહેલાં ૧૧.૫૫ ટકા વોત મળ્યા હતા.રાજસ્થાનમાં કોગ્રેસે ભારે બહુમતીથી લોકસભા અને વિધાનસભાની બેઠકો જીતી લીધી હતી.

## નાણાંમંત્રી અરુણ જેટલીએ સંસદમાં સામાન્ય બજેટ જેને આધુનિક વિકાસનું સપનું બતાવી રજુ કર્યુ

કેન્દ્રના નાણાંમંત્રી અરુણ જેટલીએ સંસદમાં સામાન્ય બજેટ રજુ કર્યુ હતું.તેમણે ખેડુતો,,ગરીબો,ગ્રામીણ ગરીબો, શિક્ષણ,આરોગ્ય,સામાજિક સુરક્ષા, અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર જેવા અર્થતંત્રના ચાલકબળ સમાન ક્ષેત્રોના વિકાસને ધ્યાનમાં રાખીને આધુનિક ભારતનું સપનું સાકાર કરતું વિકાસલક્ષી બજેટ સંસદમાં રજુ કર્યુ હતું.

તેમના બજેટમાં જે રાહ જોવાતી હતી તે પગારદારોને ઇન્કમટેક્ષમાં રાહતની કોઇ જોગવાઇ કરવામાં આવી નહોતી.તેમણે આવકવેરામાં સ્ટાન્ડર્ડ ડિડકશનની જોગવાઇ ફરી દાખલ કરી હતી અને સ્ટાન્ડર્ડ ડિડકશનનો રુ.૪૦,૦૦૦નો લાભ આપ્યો હતો.પણ સામે મેડિકલ અને ટ્રાન્સપોર્ટેશનની છુટ રદ કરી હતી. આમ સરવાળે ચોક્કસ પગારદારોને ફક્ત રુ.૫૮૦૦નો લાભ મળ્યો હતો. આ જોગવાઇને કારણે સરકારને રુ.૮૦૦૦કરોડની આવક ગુમાવવી પડશે પણ બીજી તરફ હેલ્થ અને એજ્યુકેશન સેસમાં ૧ ટકાનો વધારો કરીને તેમણે આ સેસ ૪ ટકા કર્યો હતો. આ રીતે રુ.૧૧,૦૦૦કરોડ ભેગા થશે. લોકોનું જીવનધોરણ સુધરે તે માટે ઇઝ ઓર લિવિંગ પર ખાસ ભાર મુક્યો હતો.



સિનિયર સીટીઝનને ડીપોઝીટના વ્યાજ પરની ટેક્સમાફી વર્ષે રુ.૧૦,૦૦૦થી વધારીને રુ.૫૦,૦૦૦ કરાઇ છે.ગંભીર માંદગી માટે ટેક્સ ડિડકશનના લાભ રુ.૧ લાખ સુધીના કરાયા છે.સિનિયર સીટીઝનને ઇન્કમટેક્ષમાં રાહત અપાઇ છે.વ્યાજની આવક રુ.૧૦,૦૦૦થી વધીને રુ.૪૦,૦૦૦ થાય ત્યા સુધી તેમને ટીડીએસ કપાશે નહીં.એફડીમાં પણ વ્યાજની આવકને આ માફી મળશે.મેડીકલ ખર્ચના લાભ વધારીને રુ. ૧ લાખ સુધીના કરાશે. એફડી અને અન્ય વ્યાજ પર ટેક્સમાં માફી અપાઇ છે.મેડીકલ બિલમાં રુ.૪૦,૦૦૦ સુધી સ્ટાન્ડર્ડ ડિડકશનની છુટ અપાઇ છે. એલઆઇસીમાં રોકાણ મર્યાદા વધારીને રુ.૧૫લાખ કરાઇ છે.

## પુર્વ વડાપ્રધાન મનમોહનસિંહે બજેટની રાજકોષીય ખાધની ગણતરી ભુલભરેલી ગણાવીને આર્થિક સ્થિતિ માટે ચિંતા વ્યક્ત કરી

નરેન્દ્ર મોદી સરકારના આ કાર્યકાળનું છેલ્લું પુર્ણ બજેટ નાણાં મંત્રી અરુણ જેટલીએ સંસદમાં રજુ કર્યુ તેના વિશે પ્રતિક્રિયા આપતાં પુર્વ વડાપ્રધાન મનમોહનસિંહે કહ્યુ હતું કે આ બજેટમાં તેમની ચિંતા રાજકોષીય ખાદ્ય ભરપાઇ કેવી રીતે થશે એ ચિંતાજનક છે.તેમણે કહ્યુ હતું કે ખેડુતોને રિઝવવા માટે સરકારે લઘુત્તમ ટેકાના ભાવ(એમએસપી)૫૦ ટકાથી વધુની ઘોષણા બજેટમાં કરવામાં આવી છે. તેની જોગવાઇ કેવી રીતે થશે એ પણ વિચાર માંગી લે છે.

મનમોહનસિંહે કહ્યુ હતું કે તેઓ આ બજેટને રાજકીય બજેટ કે ચુંટણીલક્ષી બજેટ નહીં કહે પરંતુ આ સાથે તેમણે આર્થિક સ્થિતિને મજબુત કરવા અંગેની ચિંતા વ્યક્ત કરી હતી.રિફોર્મ બજેટ વિષે તેમણે કહ્યુ હતું કે આ શબ્દનો ખોટો ઉપયોગ વધુ થયો



છે. જો કે આ આખરી સંપુર્ણ બજેટમાં મિડલ કલાસ લોકોને રાહતની આશા હતી તે ઠગારી નિવડી છે.ડો.મનમોહનસિંહે તો અર્થશાસ્ત્રી તરીકે બજેટને મુલવ્યું છે.તેમણે બજેટમાં રાજકોષીય ખાધને ખુબજ મહત્વ આપ્યું છે. તેમની ટીકા સામાન્યની સમજ બહાર છે.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર
અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૯-

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.**

http:// jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઇટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઇ શકાશે

# નવ ક્રાંતિ

દેશના ગણતંત્ર દિવસની ઉજવણી નિમિત્તે દિલ્હીમાં સરકાર દ્વારા યોજાયેલ સમારંભમાં કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીને છટ્ઠી હરોળમાં બેસાડીને તેમનું કદ વેતરવાનો પ્રયાસ કર્યો તે કેટલો શરમજનક અને હલકી કક્ષાનો છે તે સત્તારુઢ પક્ષની માનસિકતા પરથી દેખાઇ આવે છે. ભાજપે ઉભી કરેલી મીડીયામાં કેટલાક વિધ્ન સંતોષી જીવો નિમ્નકક્ષાનું રાજકારણ ઊભુ કરીને શું બતાવવા માંગે છે તે ઉચ્ચ નેતાગીરીએ સમજવાની જરુર છે. આવું કરવાથી તેમની પદોઉન્નતિ થઇ જવાની નથી કે તેમનું વર્ચસ્વ વધી જવાનું નથી.માત્ર તેનાથી લોકમાનસમાં તેમનું સ્તર હલકી કક્ષાનું ઊભરશે.રાહુલ ગાંધીએ મોઘું જેકેટ પહેર્યુ તેવા સમાચારો વહેતા કરવાથી શું વળવાનું છે.રાહુલ ગાંધી ધનાઢ્ય કુટુંબમાં જન્મ્યા છે અને તેમના વડવાઓએ અતિ વૈભવી ઠાઠ જોયો છે અને તે પણ આઝાદી પહેલાં.

કોંગ્રેસે તરફથી જે આક્રોશ પ્રગટ થયો તેમાં જે કહેવાયું તે અતિશયોક્તિ પણ નથી.તેમના કહેવા મુજબ અહંકારી શાસકોએ તમામ પરંપરાઓને અવગણી છે.મોદી સરકારની નિમ્નકક્ષાની રાજનીતિ જગજાહેર થઇ છે.જાણી જોઇને તેમને છટ્ઠી હરોળમાં બેસાડાયા.ખેર,હવે તો જે તે રાજ્યોમાં પણ જ્યાં સત્તારુઢ ભાજપીઓ છે ત્યાં પરંપરા,માન -અવમાન કે નીતિ વિગેરેનો હાશ થતો દેખાઇ રહ્યો છે. બંધારણની અવમાનના અને તેનો ભંગ છડેચોક કરવામાં આવી રહ્યો છે. જે લોકશાહી માટે ખતરા સમાન છે.

રાજસ્થાન અને પશ્ચિમ બંગાળમાં પેટા ચુંટણીઓમાં કોંગ્રેસ અને તણમુલ કોંગ્રેસના ઉમેદવારોએ ભારે બહુમતીથી ચુંટણી જીતી છે.એ બતાવે છે કે ભાજપનો રકાસ થઇ રહ્યો છે. જનમત પર તેની અસરો પડી રહી છે. બજેટમાં જેમ જેમ પ્રજા જાણતી જશે તેમ તેમ તેમની લાગણીઓ વધુ ભડકશે.

## આપના ૨૦ ધારાસભ્યોને ગેરલાયક ઠરાવતા રાષ્ટ્રપતિના હુકમ બાદ ભાજપના સાંસદ શત્રુઘ્નસિંહા અને યશવંતસિહા આપની વહારે

આપના ધારાસભ્યોને ચુંટણી પંચ તરફથી ગેરલાયક ઠરાવાયા બાદ રાષ્ટ્રપતિએ પણ આપના ૨૦ ધારાસભ્યોનું સભ્યપદ રદ કર્યુ હતું. જો કે ભાજપના સાંસદ શત્રુઘ્નસિંહા અને યશવંતસિંહાએ આપને ટેકો આપ્યો હતો.યશવંત સિંહાએ કહ્યુ હતું કે ૨૦ ધારાસભ્યોનું સભ્યપદ રદ કરવાનો નિર્ણય તઘલખશાહી પણ અત્યંત વરવું સ્વરુપ છે.

શત્રુઘ્નસિંહાએ પણ આ મુદ્દે ટ્વિટ કર્યુ હતું કે 'આપ આયે, આપ છાયે, આપ હી આપ, ચર્ચા કે વિષયે, ઘર ઘર મે. હર ખબરમે તો ફિર કિસ બાત કી ફિકર આપ કો ?''

હું આશા કરુ છું અને પ્રાર્થના કરુ છું કે આપને જલ્દી ન્યાય મળશે.આપ ટીમ અને ખ્સ કરીને આપ ને ખુબ ખુબ અભિનંદન. ખુસ રહો, સત્યમેવ જયતે , જયહિંદ.... આપની સરકાર હજુ પણ સલામત છે તે તેમણે સ્વીકારવું રહ્યું નહીતર ભાજપ દિલ્હીની કારમી હારને પચાવી શકે તેટલી નૈતિકતા ધરાવતી નથી.



### વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.


### જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


## ઓક્સફેમના રિપોર્ટ પ્રમાણે ભારતમાં ૬૭ ટકા લોકો ગરીબી રેખાની નીચે જીવવા મજબુર છે

ઇન્ટરનેશનલ રાઇટસ સમુહ ઓક્સફેમના સર્વે રિપોર્ટમાં જણાવ્યા મુજબ ભારતમાં ૬૭ ટકા લોકો ગરીબી રેખાની નીચે જીવવા માટે મજબુર છે.ભારતના ૧ ટકા લોકોની પાસે ૭૩ ટકા વસતીથી વધુ સંપત્તિ છે.દાવોસમાં વર્લ્ડ ઇકોનોમિક ફોરમની બેઠક પહેલા આ રિપોર્ટ પ્રકાશિત થયો હતો.દેશના ૬૭ ટકા ગરીબી રેખાની નીચે જીવતા લોકોમાં ૧ ટકા લોકો એવા છે જેઓની આવકમાં મામુલી વધારો થયો છે.વર્ષ ૨૦૧૭ના સરવે મુજબ ભારતના ૧ ટકા સૌથી વધુ શ્રીમંત લોકોની પાસે દેશની ૫૮ ટકા સંપત્તિની માલિકી છે. જ્યારે આખી દુનિયામાં સૌથી વધુ અમીર ૧ ટકા લોકો પાસે લગભગ ૫૦ ટકા દોલત છે. આ અસમાનતા એટલી વધુ છે કે ગ્રામીણ ભારતના એક મજુરને દેશની ગાર્મેન્ટ કંપનીના ટોચના સીઇઓના એક ટકા વેતન જેટલું કમાવામાં ૯૪૧ વર્ષ થઇ જાય.

જો આ સરવે રિપોર્ટના આંકડા વૈશ્વિક સ્તર પર જોઇએ તો સ્થિતિ વધુ ગંભીર નજર આવે ચે. વિશ્વની કુલ વસ્તીમાં ૩.૭ ટકા લોકો સૌથી વધુ ગરીબ છે.દુનીયાભરમાં ૧ ટકા લોકો એવા છે જેની પાસે કુલ ૮૨ ટકા લોકોની આવક કરતાં વધુ પૈસા છે.ગયા વર્ષની સરખામણીમાં જોઇએ તો આ ૮૨ ટકા લોકોની આવકમાં કોઇ વધારો થયો નથી.

અમેરિકાના ત્રણ સૌથી અમીર વ્યક્તિ એટલે બિલ ગેટ્સ, જેફ બેજોસ અને વોરેન બફેટની પાસે અમેરિકાની સૌથી ગરીબ અડધી વસ્તી એટલેકે ૧૬ કરોડ લોકોની પાસેની સંપત્તિ બરાબર સંપત્તિ છે.ગેટસ,બેજોસ અને બફેટની સંયુક્ત રીતે ૨૭૨.૫ અબજ ડોલરની દોલત છે.

## આધાર સાથે ચુંટણી કાર્ડ જોડવા નવા મુખ્ય ચુંટણી કમિશ્નર રાવતે આપેલ સમર્થન

ભારતના નવા મુખ્ય ચુંટણી કમિશ્નર તરીકે ઓમપ્રકાશ રાવતની નિમણુંક કરવામાં આવી અને એ.કે.જોતીની નિવૃત્તિ થઇ.ઓમપ્રકાશ રાવતે દેશના ૨૨માં મુખ્ય ચુંટણી કમિશ્નર તરીકે હોદ્દો ગ્રહણ કર્યો.તેઓ હવે ત્રિપુરા,નાગાલેન્ટ,મેઘાલય અને આગામી માસમા કર્ણાટકમાં અને તે પછી મધ્યપ્રદેશ,છત્તીસગઢ,રાજસ્થાન,મિઝોરામ એમ નવ રાજ્યોમી યોજાનારી વિધાનસભાની ચુંટણીનું સંચાલન કરશે.તેમની નિમણુંક થતાં રાવતે કહ્યુ હતું કે મુક્ત,નાચ્યી અને વિશ્વસનિયતાપુર્વક ચુંટણી આયોજન તેમની અગ્રિમતા રહેશે.તેઓ ચુંટણી સુધારા પેટે સહમતી સાધવા પ્રયત્ન કરશે.એક નવો સુધારો સુચવતાં તેમણે કહ્યુ હતું કે સશસ્ત્રદળના મતદારની જેમ્ જ એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં સ્થળાંતર કરનાર મતદાર મત આપી શકે તેવી વ્યવસ્થા વિચારાધીન છે. તેમણે કહ્યુ હતું કે આધારને મતદાર ઓળખપત્ર સાથે જોડવાની તેઓ તરફદારી કરી રહ્યા છે.આમ થાય તો મતદારની ઓળખ ફુલપ્રુફ બની રહે.

## કર્ણાટક અને ગોવા વચ્ચે નદીનું પાણી વહેચવાના મુદ્દે વિવાદ થતાં સામાન્ય જનજીવન ખોરવાયું

કન્નડ તરફી સંસ્થાઓ દ્વારા મહાદાયી નદીની જળવહેચણીના મુદ્દે રાજ્યવ્યાપી કર્ણાટક બંધનું એલાન આપવામાં આવતાં જન જીવન ખોરવાયું હતું.કર્ણાટકમાં નજીકના સમયમાં વિધાનસભાની ચુંટણીઓ યોજાવાની છે.અને કર્ણાટકમાં ભાજપ વિરોધી સરકાર સત્તા પર છે.હવે સિધ્ધારામૈયાની સરકારને ભ્રષ્ટાચારી કહીને ભાજપા અધ્યક્ષ અમિત શાહે રેલીનું આયોજન કર્યુ હતું. અને પરિણામે રાજ્યમાં અવ્યવસ્થાનું આયોજન થયું હતું.આંદોલનને ઉકેલવા માટે પીએમ મોદીના હસ્તક્ષેપની માંગણી કરવામાં આવી છે.આજદિન સુધી પાણીની વહેચણીનો કોઇ મુદ્દે હતો નહીં. રાતોરાત ચુંટણી આવી એટલે મુદ્દાઓ ઉપસ્થિત કરીને કેટલીક રાજકીય પાર્ટીઓ ધંધે લાગી ગઇ છે.ગોવામાં મન્ડોવી નદી તરીકે આ નદી ઓળખાય છે.બંધના કારણે અસંખ્ય પ્રવાસીઓ અટવાયા હતા. ચુંટણી આવતી હોવાને કારણે ભાજપા પ્રમુખ હાલમાં ત્યા હાજર છે.


### કાર ભાડે મળશે



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે





### ડૉ.હેમેન્દ્ર જી. પરીખ

પી.જી.યોગા,ડીએચએમએસ

યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ

એકસ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એકસ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in



### AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332



# ૬૯મું પ્રજાસત્તાક પર્વ
# વિકાસ બન્યો ગુજરાતની ઓળખ



## વિકાસની ઝલક

ખેડુતોની પડખે સરકાર : ખરીફઋતુ-૨૦૧૭માં મણદીઠ રૂ.૯૦૦ ટેકાના ભાવે રૂા.૩૪૯૫ કરોડની ૩૮૮ લાખ મણથી વધુ મગફળીની ખરીદી : ૪ લાખથી વધુ ખેડુતોને મળ્યો લાભ : ગત વર્ષની તુલનામાં ચારગણી મગફળી ટેકાના ભાવે ખરીદી

ઇઝરાયેલની અનોખી ભેટ : રણકાંઠાના સુઇગામને આપી વોટર ડી-લેનીનેશન પ્લાન્ટ ધરાવતી મોબાઇલ વાન: રણ વિસ્તારમાં ભરાયેલું ખારુ પાણી બનશે પીવાલાયક

મા અને મા વાત્સલ્ય યોજના: ગંભીર પ્રકારની બિમારીઓમાં બી.પી.એલ. અને મધ્યમવર્ગના પરિવારોને ૫૦૦થી વધુ સારવાર પધ્ધતિઓ : યોજનાનો લાભ લેવા આવક મર્યાદા વધારીને રૂા.૨.૫૦ લાખ કરાઇ

પંડિત દિનદયાલ પ્રધાનમંત્રી જનઔષધિ સ્ટોર્શ : જેનેરિક દવાઓ મળે છે ૪૦થી ૮૦ ટકા જેટલા સસ્તા દરે અને તે પણ ગુણવત્તાની બાંયધરી સાથે

શ્રમિક અન્નપુર્ણા યોજના : બાંધકામ શ્રમિકો અને તેમના કુટુંબીજનોને ૧૦ રુપીયામાં સાત્વિક ભોજન

મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના : રાજ્યના તમામ જ્ઞાતિવર્ગના યુવાનોને શિક્ષણ,કૌશલ્ય અને રોજગાર માટેની ઐતિહાસિક યોજના

માર્ગ સુવિધાનો વ્યાપ વધારવા રૂા.૧૬૦૦ કરોડના કાર્યોને કેન્દ્ર સરકારની મંજુરી : ચિલોડા-ગાંધીનગર-સરખેજ હાઇવે રૂા.૮૪૬ કરોડના ખર્ચે બનશે છ માર્ગીય સંપુર્ણ ટોલ ફ્રી : રાજ્યના ૨૩ જિલ્લાઓના હયાત રસ્તાઓના વિસ્તૃતિ-મજબુતીકરણ,નવા પુલો-નાળાઓ બનાવવા રૂા.૭૮૦ કરોડની ફાળવણી

શાળાઓમાં શૈક્ષણિક ફી નિયમનની દિશામાં ગુજરાતે ચીંધી સમગ્ર દેશને દિશા :શાળાઓમાં ફી નિયમન અધિનિયમને નામદાર હાઇકોર્ટની મંજુરીની મહોર.

**પ્રજાસત્તાક પર્વે સૌ ભારતવાસીઓને અંતઃકરણપુર્વ શુભેચ્છાઓ**

**પ્રજાસત્તાક પર્વે સૌ નાગરિકોને હૃદયપુર્વક શુભકારનાઓ**
**નીતિન પટેલ,નાયબ મુખ્યમંત્રી ગુજરાત**

# કેન્દ્રની ગ્રાહક વિરોધી નીતિઓને કારણે પેટ્રોલ,ડીઝલની કિંમતો આસમાને પહોચી : ચિદમ્બરમ

પુર્વી કેન્દ્રીય નાણામંત્રી પી.ચિદમ્બરે ફરી એક વાર કેન્દ્ર ખાતેની ભાજપ સરકારની આર્થિક નીતિઓની આકરી ટીકા કરી છે. તેમણે આરોપ મુક્યો છે કે કેન્દ્ર સરકાર દેશની તિજોરીના સંચાલનમાં ઊણી ઉતરી છે.જે ગ્રાહક વિરોધી છે. ૧. ફેબ્રુઆરીએ કેન્દ્રીય નાણામંત્રી અરુણ જેટલી ૨૦૧૮-૧૯નું બજેટ રજૂ કરે તે પહેલાં શ્રેણીબધ્ધ ટ્વિટમાં ચિદમ્બરમે સરકાર દ્વારા લેવાતાં ઋણ,સરકાર દ્વારા થ ઈ રહેલા વિનિવેશીકરણ,અંદાજપત્રીય ખાધ,ઈંધણોમાં ભાવવધારો અને જીએસટી જેવા મુદ્દા પર ટીકા કરી હતી.

ચિદમ્બરમે તાજેતરમાં સપ્તાહોમાં પેટ્રોલ અને ડીઝલની કિંમતોમાં થયેલા વધારાના મુદ્દો ઉઠાવ્યો હતો.તેમણે કહ્યુ હતું કે પેટ્રોલ અને ડીઝલની કિમતો આકાશને આંબી રહી છે.સરકાર ગ્રાહકોના હાથ આમળી રહી છે.આ તદન ગ્રાહકવિરોધી નીતી છે.

તેમણે કહ્યુ હતું કે ઇંધણોની કિંમતો માટે દેશમાં ડાયનેમિક પ્રાઇસ રિવિઝન મોડલ અપનાવવામાં આવ્યું છે.તેને કારણે પેટ્રોલ અને ડીઝલની કિંમતોમાં રોજબરોજ સુધારો કરાય છે.જેને કારણે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કોમોડીટી બજારોમાં કિંમતોમાં થતા બદલાવનો લાભ ગ્રાહકોને આપી શકાય.પરંતુ તેમ થઇ રહ્યું નથી. દિલ્હીમાં ડિઝલની કિંમત ઓલ ટાઇમ હાઇ સપાટી પર પહોચી હતી, તો પેટ્રોલની કિંમતમાં છેલ્લા ત્રણ વર્ષની ઉંચી સપાટી પર પહોચી હતી. જીએસટીના દાયરામાંથી બહાર રાખવા પર ચિદમ્બરમે સવાલ કર્યો હતો કે શા માટે ભાજપ સરકાર પેટ્રોલ અને ડીઝલ પરના આકરા કરવેરાને કારણે ગ્રાહકોના ખિસ્સા ખંખરી લીધા છે અને રાહતો આપી નથી.સરકારે આ નાણાં વાહિયાત ખર્ચમાં ફાળવી દીધા છે.

તેમણે કહ્યુ હતું કે ઓએનજીસીએ એચપીસીએલનો ૫૧.૧ ટકા હિસ્સો ખરીદવા માટે બારતના રાષ્ટ્રપતિ સાથે એક કરાર કર્યો છે. આ આખો સોદો રોકડમાં થવાનો છે.ઓએનજીસી એચપીસીએલના ૭૭,૮૮,૪૫,૩૭૫ ઇક્વીટી શેર રોકડામાં ખરીદશે. સરકારે ઋણમાં રુપીયા ૩૦,૦૦૦કરોડનો કાપ મુક્યો છે.પરંતુ ઓએનજીસી એચપીસીએલના શેરોની ચુકવણી માટે ઓએનસીજીસી રુપીયા ૩૦,૦૦૦કરોડની લોન લે. આનો અર્થ શું થયો ?અસર તો થવાની જ છે.

# હાલની પરિસ્થિતિમાં ખેડુતોની હાલત ભિક્ષુકો જેવી છે : યશવંતસિંહા

ભાજપના સિનિયર નેતા યશવંતસિંહાએ પોલિટિકલ એક્શન ગ્રુપ-રાષ્ટમંચની શરુઆત કરી હતી. જેમાં ભાજપના સાંસદ શત્રુઘ્નસિંહા સહિત અન્ય પક્ષના નેતાઓ હાજર રહ્યા હતા.યશવંતસિંહાએ કહ્યુ હતું કે મોદી સરકારના શાસનમાં ખેડુતોની સ્થિતિ સારી નથી.ખેડુતોની હાલત ભિક્ષુકો જેવી થઇ ગઇ છે. રાષ્ટ્રમંચ અંતગર્ત તેમને હક અપાવવા સહિત અન્ય રાષ્ટ્રીય મુદ્દાઓ પણ ઉઠાવવામાં આવશે. આ સાથે કેન્દ્ર સરકારની એક તરફી નીતિઓ સામે આંદોલન શરુ કરવામાં આવશે. આ પ્રસંગે શત્રુઘ્નસિહા એ જણાવ્યુ હતું કે દેશહિત માટે અવાજ ઉઠાવવા માટે ફોરમમાં ભાગ લીધો હતો.

ભાજપમાં તમામ લોકો ડરેલા છે.ત્યાં કોઇને પોતાની વાત રજુ કરવાની આઝાદી નથી. યશવંતસિંહાએ કહ્યુ કે અમે લોકો કોઇનાથી ડરતા નથી. આ મંચ કોઇ પક્ષ નથી પણ એક રાષ્ટ્રીય આંદોલન છે.

ખેડુતોને પોતાનો હક્ક અપાવવા માટેના ફોરમની શરુઆત થઇ ગઇ છે.કેન્દ્ર સરકારની વિદેશનીતિ અને આર્થિક નીતિ પર ચાબખા મારતા કહ્યુ કે રાષ્ટ્રમંચ કોઇ સંગઠન નથી. પણ એક રાષ્ટ્રીય આંદોલન છે.ભારતમાં રહેનાર દરેક ભયભીત છે. પણ અને કોઇનો ડર નથી. હવેથી દેશમાં ચોક્કસ બાબતો પર વાતચીત અને ચર્ચા થશે. એકતરફી નિર્ણયો લેવા જોખમી છે.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

હેડ ઓફિસ :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

બ્રાન્ચ ઓફિસ : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૯૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

જય ક્રિશ્ચિયન

૧૩,સહયોગ પાર્ક-૧

,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૯૯

૯૮૨૪૩૬૨૪૬૨


# વિશ્વ આર્થિક સુચકાંકમાં ૧૦૩ દેશમાં ભારત ૬૨માં ક્રમે પાછળ રહ્યો

વિશ્વ આર્થિક સુચકાંકમાં ભારત ઊભરાતી અર્થ વ્યવસ્થાની યાદીમાં ૬૨માં સ્થાન પર છે.જ્યારે ચીન ૨૬માં અને પાકિસ્તાન ૪૭માં સ્થાન પર છે.વિશ્વ આર્થિક મંચે વાર્ષિક બેઠકની શરુઆત પહેલા આ યાદી જાહેર કરી હતી. આ યાદીમાં નોર્વેએ બાજી મારી હતી. નોર્વે સૌથી સમાવેશી અર્થવ્યવસ્થા ધરાવતો દેશ છે.

ડબલ્યુઇએફે જણાવ્યુ હતું કે ગયા વર્ષે ભારત ૭૯ વિકાસશીલ દેશોમાં યાદીમાં ૬૦માં સ્થાન પર રહ્યો છે.જ્યારે ચીન ૧૫માં પાકિસ્તાન ૫૨ સ્થાન પર રહ્યો છે.આ રીતે ભારત યાદીમાં ચીન અને પાકિસ્તાન કરતાં પાછળ છે. વર્ષ ૨૦૧૮ના ઈન્ડેક્સમાં ૧૦૩ દેશની અર્થવ્યવસ્થાની પ્રગતિનું મુલ્યાંકન ત્રણ મહત્વના સ્તંભો વૃધ્ધિ તથા વિકાસ,સમાવેશન અને અંતરપેઢી ઈક્વીટીના આધારે કરવામાં આવ્યું છે.જેનું બે વિભાગમાં વિભાજન કરવામાં આવ્યું છે.પહેલા વિભાગમાં ૨૯ વિકસિત રાષ્ટ્રની અર્થ વ્યવસ્થા તથા બીજા વિભાગમાં ૭૪ ઊભરતી અર્થવ્યવસ્થાના રાષ્ટ્રનો સમાવેશ કરવામાં આવ્યો હતો. વિકાસ અને વૃધ્ધિને દ્રષ્ટિએ રાષ્ટ્રને પાંચ પેટા કેટેગરીમાં વર્ગીકૃત કરવામાં આવ્યા હતા.ભારતનો સરેરાશ આંક નીચલા સ્તર પર છે. તેમ છતાં દેશનું નામ દસ ઉભરતી અર્થવ્યવસ્થાનીયાદીમાં છે.

# ધોતીયાકાંડના તમામ આરોપીઓની સામેના કેસો પાછા ખેચવાની કોર્ટની મંજુરી

૨૧વર્ષ જુના ધોતીયાકાંડના કેસોને પાછા ખેચવાની કોર્ટે મંજુરી આપી દીધી છે.ભાજપના નેતા આત્મારામ પટેલનું ધોતીયું કાઢીને માર મારવાના આરોપસર વીએચપીના નેતા પ્રવીણ તોગડીયા સહિત ૩૯ જણાની સામે કેસો નોધાયા હતા.એડીશનલ ચીફ મેટ્રોપોલીટન જે.એ.બારોટે કેસમાંથી તમામને મુક્ત કર્યા હતા.આમ સરકારે સીઆરપીસીની કલમ ૩૨૧ મુજબ પરત ખેચવા માટે કરેલી અરજી ગ્રાહ્ય રાખી હતી.સરદાર પટેલ સ્ટેડિયમાં તા.૨૦મી મે ૧૯૯૬ના રોજ ભાજપના સીનીયર નેતા આત્મારામ પટેલ સહિત ભાજપના નેતાઓ પર આરોપીઓએ કાવતરુ રચીને હુમલો કરીને તેમની હત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો. જેમાં આત્મારામ પટેલનું ધોતીયું કાઢીને માર મારવામાં આવ્યો હતો.તેમજ તેમનું અપમાન કરવામાં આવ્યું હતું.

આખરે ભાજપના કાર્યકર્તાઓ સામે કરાયેલા કેસો પાછા ખેચી લેવાની એક લાગણી છેલ્લા કેટલાક વખતથી ભાજપી કાર્યકરોમાં છે જેને નેતાઓ દ્વારા યોગ્ય કાર્યવાહી કરીને છુટછાટો મુકવામાં આવે તેવી લાગણી બર આવી હતી. પ્રવીણ તોગડીયા કોર્ટમાં હાજર રહ્યા નહોતા અન્ય આરોપીઓ હાજર રહ્યા હતા.


**ગ્લોરી કેટરીંગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.

શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિંત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ

એ.એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

**★ નીલા ફાઇનાન્સ ★**

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૨૫૩૮૩૩૨૨


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.